વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ – ૯ (બોપલ), તાલુકા દશક્રોઇ, મોજે ઘુમાની સીમના બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીન જેનો ટી.પી. સ્કીમ નંબર - ૩ (ઘુમા) માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર - ૨૨૬/૧ ની ૩૪૮૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક (મલ્ટીપર્પઝ) ના હેતુવાળી બીનખેતીની જમીન ઉપર આવેલ **"b/ethos"** નામની યોજનાના **.............. ફલોર** ઉપર આવેલ **ફલેટ/દુકાન નંબર- ....** વાળી **............... સ્ક્વે ચો.મી.** રેરા કાર્પેટ એરીયા (ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ના નિયમો અનુસાર) ના બાંધકામવાળી મિલક્ત કે જેમાં મિલક્તનો ઇનસાઇડ કાર્પેટ એરીયા .... ચો.મી., બાલ્કની એરીયા .... ચો.મી. તથા વોશ એરીયા .... ચો.મી. એમ કુલ મળીને .... ચો.મી. કાર્પેટ એરીયાવાળી મિલક્ત તથા સદર ફાઇનલ પ્લોટની જમીન પૈકીની વણવહેંચાયેલી વરાડે પડતા હિસ્સાની આશરે **............. ચો.મી.** જમીન સહિતની મિલક્તનો વેચાણ દસ્તાવેજ **રૂ. ..../- (અંકે રૂપિયા .... પુરા)** નો ....

વેચાણ આપનારા : **BROTHERS CREATION INFRA LLP**

એક્તરફવાળા : (PAN: AAXFB6076G)

એ નામની લીમીટિડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મ કે જે ધી લીમીટિડ લાયાબીલીટી પાર્ટનરશીપ એક્ટ, ૨૦૦૮ અન્વયે રજીસ્ટ્રેશન નંબર – AAW-1892 થી ૦૫/૦૩/૨૦૨૧ ના રોજ નોંધાયેલ ભાગીદારી પેઢી છે. જેની રજીસ્ટર્ડ ઓફીસ: એફ એફ – ૯, દર્શન કોમ્પલેક્ષ, ઉમિયામાતાના મંદીર પાસે, બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮ માં આવેલી છે. તેના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર **....................** (Aadhar: ....), ઉંમર વર્ષ: ૨૭, ધર્મે: હિન્દુ, રહેવાસી: બોપલ, અમદાવાદ, ગુજરાત – ૩૮૦ ૦૫૮.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "અમો", "વેચાણ આપનારા" અથવા "એક્તરફવાળા" એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં વેચાણ આપનારા ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ તથા વંશ, વાલી, વારસો, એસાઇનીઝ, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સક્સેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

વેચાણ લેનારા : **..............................**

બીજીતરફવાળા : (PAN: ....) (Aadhar: ....)

ઉંમર વર્ષ: ..., ધર્મે: હિન્દુ, રહેવાસી: ...., અમદાવાદ, ગુજરાત - ....

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો", "વેચાણ લેનારા", અથવા "બીજીતરફવાળા" એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં વેચાણ લેનારાનો પોતાનો તથા વેચાણ

લેનારના વંશ, વાલી, વારસો, એસાઇનીઝ, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સક્સેસર્સ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

:જત:

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ – ૯ (બોપલ), તાલુકા દશક્રોઇ, મોજે ઘુમાની સીમના બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીન જેનો ટી.પી. સ્કીમ નંબર - ૩ (ઘુમા) માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર - ૨૨૬/૧ ની ૩૪૮૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક (મલ્ટીપર્પઝ) ના હેતુવાળી બીનખેતીની જમીન ઉપર આવેલ **"b/ethos"** નામની યોજનાના **.............. ફલોર** ઉપર આવેલ **ફલેટ/દુકાન નંબર- ....** વાળી **............... સમ ચો.મી.** રેરા કાર્પેટ એરીયા (ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ના નિયમો અનુસાર) ના બાંધકામવાળી મિલક્ત કે જેમાં મિલક્તનો ઇનસાઇડ કાર્પેટ એરીયા .... ચો.મી., બાલ્કની એરીયા .... ચો.મી. તથા વોશ એરીયા .... ચો.મી. એમ કુલ મળીને .... ચો.મી. કાર્પેટ એરીયાવાળી મિલક્ત તથા સદર ફાઇનલ પ્લોટની જમીન પૈકીની વણવહેંચાયેલી વરાડે પડતા હિસ્સાની આશરે **............. ચો.મી.** જમીન સહિતની મિલક્ત, સદરહુ યોજનાની જમીનમાં મુક્વામાં આવેલ રોડ, રસ્તા, સીડી, લીફ્ટ, પેસેજ, પાર્કીંગ, સહીયારી સગવડોના હરહંમેશના વપરાશી હક્કો સહિતની મિલક્ત, સદરહુ યોજનામાં સભાસદ તરીકે પોષાતા તમામ આનુસંગિક હક્કો સહિતની મિલક્ત જેનું સંપુર્ણ વર્ણન આ દસ્તાવેજના પરીશીષ્ટમાં આપેલ છે. જે સદરહુ મિલક્ત અમો એક્તરફવાળાની કાયદેસરની માલીકી, ક્બજા ભોગવટાની તથા બોજા રહીતની આવેલી છે. જે મિલક્તને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **'સદરહુ મિલક્ત'** એ રીતે સંબોધવામાં આવેલી છે.

(૧) મોજે ઘુમાના બ્લોક નંબર – ૭૯૮ ની ૧૧૮૩૭ ચો.મી. જમીન જગદીશભાઇ ઇશ્વરભાઇ પટેલ, ઇન્દ્રવદનભાઇ ઇશ્વરભાઇ પટેલ, પ્રહલાદભાઇ રણછોડભાઇ પટેલ, રમણભાઇ માણેક્લાલ પટેલ, મંગુબેન તે ભાઇલાલભાઇ માણેક્લાલ પટેલની વિધવા, દિલીપભાઇ

ભાઈલાલભાઈ પટેલ તથા રેખાબેન જ્યેશકુમાર પટેલ તે ભાઈલાલભાઈની પુત્રી ના સંયુક્ત માલીકી કબજા ભોગવટામાં ચાલતી આવેલી.

(૨) મોજે ઘુમાના બ્લોક નંબર – ૭૯૮ ની ૧૧૮૩૭ ચો.મી. જમીનનો ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર – ૩ (ઘુમા) માં સમાવેશ થતા તેને ફાઇનલ પ્લોટ નંબર – ૨૨૬ ની ૭૧૦૨ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ.

(૩) ત્યારબાદ, મોજે ઘુમાના બ્લોક નંબર – ૭૯૮ ની ૧૧૮૩૭ ચો.મી. જમીન અંગે ડી.આઇ.એલ.આર., અમદાવાદ ના દુરસ્તીપત્રક નંબર – ૯૬ ના હુકમ નંબર – ડીએસઓ/ડીઆરકે/એસ.આર. નંબર – ૨૨૮/૨૦ થી તારીખ: ૦૫/૧૧/૨૦૨૦ ના રોજ દુરસ્તી થતા બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીન જગદીશભાઇ ઇશ્વરભાઇ પટેલ તથા ઇન્દ્રવદનભાઇ ઇશ્વરભાઇ પટેલ ના ભાગે આવેલ તથા બ્લોક નંબર – ૭૯૮/બ ની ૫૯૧૯ ચો.મી. જમીન પ્રહલાદભાઇ રણછોડભાઇ પટેલ, રમણભાઇ માણેકલાલ પટેલ, મંગુબેન તે ભાઇલાલભાઇ માણેકલાલ પટેલની વિધવા, દિલીપભાઇ ભાઇલાલભાઇ પટેલ તથા રેખાબેન જ્યેશકુમાર પટેલ તે ભાઇલાલભાઇની પુત્રી ના ભાગે આવેલ.

(૪) ત્યારબાદ, નગર રચના અધિકારી, અમદાવાદ દ્વારા દુરસ્તી બાદના બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીનને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર – ૩ (ઘુમા) ના ફાઇનલ પ્લોટ નંબર – ૨૨૬/૧ ની ૩૪૮૮ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ.

(૫) એ રીતે મોજે ઘુમાની સીમના બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીન જેનો ટી.પી. સ્કીમ નંબર - ૩ (ઘુમા) માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર - ૨૨૬/૧ ની ૩૪૮૮ ચો.મી. જમીન જગદીશભાઇ ઇશ્વરભાઇ પટેલ તથા ઇન્દ્રવદનભાઇ ઇશ્વરભાઇ પટેલ ની સંયુક્ત માલીકી, કબજા ભોગવટામાં ચાલતી આવેલી.

(૬) ત્યારબાદ, મોજે ઘુમાની સીમના બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીન જેનો ટી.પી. સ્કીમ નંબર - ૩ (ઘુમા) માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર - ૨૨૬/૧ ની ૩૪૮૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન અંગે બહુહેતુક (મલ્ટીપર્પઝ) ના હેતુ માટે બીનખેતીની પરવાનગી જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદએ

તેમના હુક્મ નંબર – ૬૩૭/૦૭/૦૬/૦૩૨/૨૦૨૧ થી તારીખ: ૧૮/૦૩/૨૦૨૧ ના રોજ આપેલ.

(૭) ત્યારબાદ, અમો એક્તરફવાળાએ મોજે ઘુમાની સીમના બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીન જેનો ટી.પી. સ્કીમ નંબર - ૩ (ઘુમા) માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર - ૨૨૬/૧ ની ૩૪૮૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક (મલ્ટીપર્પઝ) ના હેતુવાળી બીનખેતીની જમીન જગદીશભાઇ ઇશ્વરભાઇ પટેલ તથા ઇન્દ્રવદનભાઇ ઇશ્વરભાઇ પટેલ પાસેથી વેચાણથી રાખેલી. જે વેચાણ દસ્તાવેજ સબ-રજીસ્ટ્રારશ્રી, અમદાવાદ – ૯ (બોપલ) ની ક્ચેરીમાં નોંધણી અનુક્રમ નંબર - ૫૧૦૦ થી તારીખ: ૩૦/૦૩/૨૦૨૧ ના રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર – ૧૨૧૯૫ થી તારીખ: ૦૬/૦૫/૨૦૨૧ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તારીખ: ૦૮/૦૭/૨૦૨૧ ના રોજ પ્રમાણિત થયેલ.

(૮) આમ, ત્યારથી અમો એક્તરફવાળા મોજે ઘુમાની સીમના બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીન જેનો ટી.પી. સ્કીમ નંબર - ૩ (ઘુમા) માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર - ૨૨૬/૧ ની ૩૪૮૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક (મલ્ટીપર્પઝ) ના હેતુવાળી બીનખેતીની જમીનના કાયદેસરના માલીક ક્બજેદાર બનેલા. અમો એક્તરફવાળાને સદરહુ જમીન ઉપર બાંધકામ ક્રવાના તથા ડેવલપ ક્રવાના પૂરતા હક્ક અધિકારો છે. જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **“સદરહુ જમીન”** એ રીતે સંબોધવામાં આવેલ છે.

(૯) ત્યારબાદ, સદરહુ જમીન ઉપર રેસીડેન્સીયલ તથા કોમર્શીયલ યુનિટ્સની યોજના અંગે અમદાવાદ અર્બન ડેવલમેન્ટ ઓથોરીટી (ઔડા) દ્વારા રજાચીઠી નંબર – PRM/…/…/2022/…… થી તારીખ: …/…/૨૦૨૨ ના રોજ વિકાસ માટે પરવાનગી આપવામાં આવેલ છે.

(૧૦) ત્યારબાદ, સદરહુ જમીન ઉપર અમો એક્તરફવાળાએ ઔડા દ્વારા મંજુર થયેલ પ્લાન મુજબ સેલર - ૨, ગ્રાઉન્ડ ફ્લોર તથા એક્થી નવ માળ, સ્ટેર કેબીન તથા મશીન રૂમનું બાંધકામ ક્રી રેસીડેન્સીયલ તથા કોમર્શીયલ યુનિટ્સની યોજના મુકેલ છે. જે યોજનામાં ૯૯ ફ્લેટ્સ તથા ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ૨૬ દુકાન મળી કુલ ૧૨૫ યુનિટ્સનું બાંધકામ

કરવામાં આવેલ છે. જે યોજના **“b/ethos”** ના નામથી ઓળખાય છે. જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **‘સદરહુ યોજના’** એ રીતે સંબોધવામાં આવેલ છે.

(૧૧) સદરહુ યોજના ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ અને ગુજરાત રૂલ્સ ૨૦૧૬ અને ૨૦૧૭ ના ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (જનરલ) ના કાયદા અન્વયેના અધિનિયમની જોગવાઈને અંતર્ગત રેરા ઓથોરીટી દ્વારા રજીસ્ટ્રેશન નંબર - .... થી તારીખ: .... ના રોજ નોંધવામાં આવેલ છે.

(૧૨) સદરહુ યોજનામાં આવેલ સદરહુ મિલક્ત અમો એક્તરફવાળાએ તમો બીજીતરફવાળાને વેચાણ આપવાનું નક્કી કરી એક રજીસ્ટર્ડ બાનાખતનો કરાર કરી આપેલ, જે બાનાખતનો કરાર સબ-રજીસ્ટ્રારશ્રી, અમદાવાદ – ૯ (બોપલ) ની કચેરીમાં નોંધણી અનુક્રમ નંબર - .... થી તારીખ: .... ના રોજ નોંધાયેલ છે.

(૧૩) સદરહુ મિલક્ત અમો એક્તરફવાળાની કાયદેસરની માલીકી, કબજા ભોગવટાની આવેલી છે. સદરહુ મિલક્ત કોઈપણ જાતના બોજા રહીતની છે. સદરહુ મિલક્ત વેચાણ આપવાનો અમોને સંપુર્ણ હક્ક અને અધિકાર છે. જે સદરહુ મિલક્ત તેના અસલ હદ હક્કો મુજબની, તેની અંદરના તમામ બાંધકામ સહીતની, ઈલેક્ટ્રીક ફીટીંગ્સ, સદરહુ યોજનાની સાહિયારી મિલક્તના સાહિયારા ઉપયોગ સહિતની, સદરહુ યોજનાના સભ્ય તરીકેના મળતા તમામ આનુસંગિક હક્કો સહિતની, સદરહુ યોજનાની કોમન મિલક્તોમાં હક્કો સહિતની, સદરહુ યોજનામાં મુકવામાં આવેલ રોડ, રસ્તા, સીડી, લીફ્ટ, પેસેજ, પાર્કીંગ, કોમન પ્લોટ વિગેરે તમામ સહીયારે વાપરવાના હક્કો સહિતની, સદર રસ્તાની જમીનમાં થઇને હરહંમેશ વાહન વિગેરે સહિત જવા આવવાના ચાલ નિકાલના હક્કો સહિતની સદરહુ મિલક્ત અમો એક્તરફવાળાએ કુલ વેચાણ કિંમત **રૂા. ..../- (અંકે રૂપિયા .... પુરા)** માં નીચેની વિગતે તમો પાસેથી લઇ, આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ તમામ વિગતોની પાકી ખાત્રી, બાંહેધરી, વિશ્વાસ અને ભરોસો આપી તમો બીજીતરફવાળાને વેચાણથી આપી આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

આ વેચાણ અવેજના રૂપિયા પહોંચ્યાની વિગત જે નીચે મુજબ છે.

રકમ રૂ.	**ચેક/ડીડી/રેફરન્સ નંબર**	**તારીખ**	**બેંક**
.........../-	**(અંકે રૂપિયા .... પુરા ચુક્તે અવેજથી)**		

ઉપર મુજબની વિગતે સદરહુ મિલક્તનો પુરેપુરો ચુકતે વેચાણ અવેજ અમો એક્તરફવાળાને તમો બીજીતરફવાળા તરફથી મળી ગયેલ છે. અને અમો એક્તરફવાળાએ સદરહુ મિલક્તનો શાંત, ખાલી, પ્રત્યક્ષ, બોજારહીત ક્બજો તમો બીજીતરફવાળાને સોંપેલો છે. જે તમો બીજીતરફવાળાએ જોઇ તપાસીને સંભાળી લીધેલ છે. અને હવે પછીથી સદરહુ મિલક્તના તમો બીજીતરફવાળા માલિક ક્બજેદાર થયા છો.

(૧૪) સદરહુ મિલક્ત અમોએ આ વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલ હોઇ સદરહુ મિલક્ત પરત્વે હવેથી અમારો કોઇ અધિકાર રહેતો નથી અને સદરહુ મિલક્ત અંગે ભવિષ્યમાં પણ જે જે નવા હક્કો, સર્વિસ સોસાયટી કે સરકાર તરફથી મળે તે તમામ તમારા છે તેમ અમો આ વેચાણ દસ્તાવેજથી જાહેર ક્રીએ છીએ. આજ રોજથી સદરહુ મિલક્તના તમો બીજીતરફવાળા માલીક થયા છો. સદરહુ મિલક્ત ચાંદો સુરજ તપે ત્યાં સુધી તમો તથા તમારા વંશ, વાલી, વારસો, સુખેથી વાપરો, ભોગવો, વેચો, સાટો, ભાડે આપો, ગીરો આપો તેમા અમો એક્તરફવાળાને કોઇ હરક્ત હેલો નથી. હવે પછીથી સદરહુ મિલક્તમાંથી જે કાંઇ અષ્ટમાં સિદ્ધ નવે નિધ પ્રાપ્ત થાય તે તમારા નસીબનું છે.

(૧૫) સદરહુ મિલક્તના અમો એક્તરફવાળાની માલિકી હક્કમાં કોઇએ કોઇપણ પ્રકારની અંતરાય કે દખલ ક્રેલ નથી કે સદરહુ મિલક્ત ઉપર કોઇપણ વ્યકિત કે સંસ્થા કે સરકારી,

બીન સરકારી બોજો નથી આમછતાં સદરહુ મિલક્ત અંગે આજ પહેલાંની અમોના નામથી કોઇપણ બોજો, ગીરો, કે જવાબદારી ભવિષ્યમાં મળી આવે તો તે અમો વેચાણ આપનારે અમારા ખર્ચે ને જોખમે દુર કરી આપવાની રહેશે.

(૧૬) આ વેચાણ દસ્તાવેજથી અમો જણાવીએ છીએ કે, સદરહુ મિલક્તમાં અમો એક્તરફવાળા સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક હીસ્સો કે લાગભાગ નથી, તેમજ સદરહુ મિલક્ત અમો એક્તરફવાળાએ કોઇપણ જામીનગીરી કે તારણમાં મુકેલ નથી કે તેના ઉપર કોઇપણ જાતની સોલવન્સી મેળવેલ નથી કે સદરહુ મિલક્ત કોઇ એક્વીઝીશન, કે રીઝર્વેશનમાં આવેલ નથી કે તેમજ સદરહુ મિલક્ત ઉપર કોઇપણ જાતના કે કોઇપણ પ્રકારના કોઇપણ કોર્ટમાં પ્રોસીડીંગ ચાલતા નથી કે કોર્ટ તરફથી કોઇપણ પ્રકારની નોટીસ બજેલ નથી કે કોઇપણ પ્રકારનો મનાઇ હુક્મ નથી. તેમજ સદરહુ મિલક્ત અન્ય કોઇપણ વ્યકિત કે સંસ્થાને કોઇપણ પ્રકારે રજીસ્ટર્ડ કે અનરજીસ્ટર્ડ દસ્તાવેજથી લખી આપેલ નથી કે સદરહુ મિલક્ત અંગેના કોઇપણ પ્રકારના લખાણો કોઇપણ વ્યકિત કે સંસ્થાને કરી આપેલ નથી. સદરહુ મિલક્તનો ક્બજો આજ પહેલાં અન્ય કોઇને સોંપેલો નથી. તેમજ સદરહુ મિલક્તમાં કોઇનો કોઇપણ પ્રકારનો ખોરાકી, પોશાકી, ભાડુઆત, ભરણપોષણનો હક્ક કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક પોષાતો નથી કે સદરહુ મિલક્તમાં અમારા કોઇપણ કુટુંબીજનો કે વંશ, વાલી, વારસો ઇત્યાદી કોઇનો કોઇપણ જાતનો હક્ક હિસ્સો નથી એટલે કે સદરહુ મિલક્તના ટાઇટલ કલીયર, સેલેબલ અને માર્કેટેબલ છે. તેવો તમામ પ્રકારનો પાકો વિશ્વાસ અને ભરોસો આપીને અમો એક્તરફવાળાએ તમો બીજીતરફવાળાને સદરહુ મિલક્ત વેચાણ આપી આ દસ્તાવેજ લખી આપેલ છે.

(૧૭) આ વેચાણ દસ્તાવેજથી અમો જણાવીએ છીએ કે, સદરહુ યોજનાની જમીન તથા સદરહુ મિલક્ત ઉપર અમો એક્તરફવાળાએ સરકારી, અર્ધસરકારી બેંક કે એન. બી. એફ. સી. કે કોઇપણ પ્રાઇવેટ ફાઇનાન્સ કંપની પાસેથી કોઇપણ પ્રકારની લોન લીધેલી નથી કે ગીરોમાં મુકેલી નથી.

(૧૮) સદરહુ મિલક્ત અંગેની આજસુધીની તમામ રક્મો જેવી કે, સરકારી અર્ધસરકારી ટેક્ષ, ગ્રામ પંચાયત/નગર પાલીકા/કોર્પોરેશનના ટેક્ષ, જમીન મહેસુલ વિગેરે તમામ અમો એક્તરફવાળાએ ભરપાઇ કરેલી છે. અને જો આવી કોઇપણ ટેક્ષ, વેરા, બીલની રક્મ

આજદીન સુધીની ભરવાની બાકી મળી આવે તો તે અમો વેચાણ આપનારે ભરવાની છે. અને આજરોજ પછીના સદરહુ મિલક્ત અંગે જે કોઈ ટેક્ષ, વેરા, બીલ ભરવાના આવે તે તમામ તમો બીજીતરફવાળાએ ભરવાના છે.

(૧૯) સદરહુ મિલક્તના વેચાણ અવેજની રક્મમાં સરકારી, અર્ધસરકારી અથવા સ્થાનિક સતા દ્વારા સમયાંતરે વસુલ કરવામાં આવતા વેરા અને કર અને જી.એસ.ટી. વિગેરેની રક્મનો સમાવેશ થતો નથી. જેથી તેવા વેરા અને કર તથા સદરહુ મિલક્તના બાંધકામને લગતો જી.એસ.ટી. તથા લાગુ પડતા અન્ય વેરા ચુક્વવાના થાય તે તમો બીજીતરફવાળાએ અલગથી ચુક્વવાના રહેશે. સદરહુ મિલક્ત અંગે પ્રવર્તમાન કે ભવિષ્યમાં સરકારશ્રી તથા સ્થાનીક સંસ્થા કે ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ડેવલપમેન્ટ ચાર્જ, બેટરમેન્ટ ચાર્જ કે અન્ય કોઈપણ જાતના ચાર્જ ભરવાનો થાય તો તે તમામ ચાર્જ તમો તમામ સભાસદોએ વરાડે પડતો ભરવાનો ભરવાનો રહેશે. તેમજ ઔડા કે અન્ય ઓથોરીટી દ્વારા ડેવલપમેન્ટ પ્લાનમાં કોઈપણ જાતના સુધારા વધારા થાય તો તે તમો બીજીતરફવાળાને બંધનકર્તા રહેશે.

(૨૦) સદરહુ યોજનાના બાંધકામની બી. યુ. પરમીશન મેળવ્યા બાદ વધારાની FSI કોમન એરીયા તથા ધાબાનો હક્ક, હિસ્સો એક્તરફવાળાનો રહેશે નહી. તેવા તમામ હક્કો સર્વિસ સોસાયટીના રહેશે.

(૨૧) સદરહુ મિલક્તના પ્લાન તેમજ ટાઈટલને લગતા તમામ ડોક્યુમેન્ટ્સ તમો બીજીતરફવાળાએ જાતે તથા તમો બીજીતરફવાળાના એડવોકેટ દ્વારા જોઈ તપાસી લીધેલ છે. અને જે અંગે તમો બીજીતરફવાળાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર ન હોઈ તમો બીજીતરફવાળાએ સદરહુ મિલક્તના વેચાણ અવેજની રક્મ ભરપાઈ કરી આપતા અમો એક્તરફવાળાએ તમો બીજીતરફવાળાની તરફેણમાં આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

(૨૨) સદરહુ મિલક્તનું બાંધકામ અગાઉ નક્કી થયેલ સ્પેશીફીકેશન મુજબનું થયેલ છે. તેમજ અગાઉ નક્કી થયા મુજબ સ્પેશીફીકેશન મુજબના માલ મટીરીયલ પુરા પાડવામાં આવેલ છે. જે અંગે તમો બીજીતરફવાળાએ તમારા વિશ્વાસુ સ્ટ્રક્ચર એન્જીનીયર પાસે ચકાસણી કરાવી લીધેલ છે. જે અંગે તમો બીજીતરફવાળા સંપુર્ણ રીતે સંતુષ્ટ છે. અને તમો

બીજીતરફવાળાએ ભવિષ્યમાં તે અંગે કોઈપણ સમયે કોઈપણ પ્રકારનો વાદ, વિવાદ કે વાંધો કે તકરાર કરવા/કરાવવાના રહેશે નહી.

(૨૩) સદરહુ મિલકતના બાંધકામ અંગે ભવિષ્યમાં કોઈપણ પ્રકારની કુદરતી આફતો જેવી કે, ધરતીકંપ, પુર, વાવાઝોડું વિગેરે કે માનવસર્જી આફતો જેવી કે, યુધ્ધ, હુલ્લડ, વિગેરેના કારણે સદરહુ મિલકતને કોઈપણ જાતનું નુકશાન થાય તો તે અંગેની તમામ જવાબદારી તમો બીજીતરફવાળાની રહેશે. અને આવી કુદરતી આફતો તથા માનવસર્જીત આફતો સામે રક્ષાણ મેળવવા માટે તમો બીજીતરફવાળાએ તમારા ખર્ચે સદરહુ મિલકતનો વીમો ઉતરાવી લેવાનો રહેશે.

(૨૪) અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને સદરહુ મિલકતનો કબજો સોપ્યાના પ (પાંચ) વર્ષના સમયગાળામાં સદરહુ મિલકત અથવા સદરહુ મિલકતની બિલ્ડીંગમાં માળખાકીય અથવા તેમાં વપરાયેલ મટીરીયલ (ઘસારો, વપરાશક ઘસારો અથવા હાનિ અને દુરૂપયોગ સિવાય) માં ક્ષતિ તમો બીજીતરફવાળા અમો એકતરફવાળાના ધ્યાનમાં લાવશો અને તેવી ખામી તમો બીજીતરફવાળાના કારણે ઉત્પન્ન થયેલ ન હોય, તેવા સંજોગોમાં અમો એકતરફવાળા જ્યાં સુધી શક્ય હશે ત્યાં સુધી તેવી ખામીઓ અમારા ખર્ચે સુધારી/સમારકામ/રીપેર કરી આપીશું. જો આવી ખામીઓ સુધારવાનું કે સમારકામ કરવાનું શક્ય ન હોય તો, અમો એકતરફવાળાના એન્જીનીયર/આર્કીટેક્ટ દ્વારા આવી ખામી સુધારવાની/સમારકામની અંદાજીત કિંમત પર નક્કી કરાયેલ વળતર મેળવવા માટે તમો બીજીતરફવાળા હક્કદાર રહેશો. પરંતુ આવી ખામીઓ અંગે અમો એકતરફવાળાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા આવી ખામીઓ તમો બીજીતરફવાળા કે કુદરતી કારણોસર થયેલ હોય, તો તેવી કોઈપણ જાતની માળખાકીય અથવા વપરાયેલ મટીરીયલ અંગેની ખામીઓ માટે તથા તમો બીજીતરફવાળા કે તેના થકીના અન્ય ઈસમો દ્વાર ખામીઓ ઉત્પન્ન થયેલ હશે તો, અમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને વળતર ચુકવી આપવા બંધાયેલ રહેશું નહી કે આવી ખામીઓ અમારા ખર્ચે દુર કરવાની જવાબદારી અમો એકતરફવાળાની રહેશે નહી. તેમજ દીવાલોમાં ભેજ આવવો, નાની મોટી તીરાડો પડવી/નીકળવી તે સામાન્ય બાબત હોવાથી તેમજ તેવી બાબતો અમો એકતરફવાળાની ભુલ ન હોવાને કારણે તેવી ખામીઓ અંગે અમો એકતરફવાળાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

(૨૫) સદરહુ યોજનાનું નામ **"b/ethos"** રાખવામાં આવેલ છે. જે નામ તમામ સભાસદો તથા સર્વિસ સોસાયટી દ્વારા બદલાવામાં આવશે નહી. જે અંગેની ખાત્રી અને બાંહેધરી સદરહુ યોજનાના તમામ સભાસદો દ્વારા આપવામાં આવેલ છે.

(૨૬) સદરહુ મિલક્તના એલીવેશનમાં તમો બીજીતરફવાળાએ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી. તેમજ સદરહુ મિલક્તના બીમ, કોલમ, સ્લેબ, લોડ બેરીંગ કે દીવાલોને નુક્શાન થાય તેવું કૃત્ય તમો બીજીતરફવાળાએ તથા સદરહુ યોજનાના તમામ સભાસદોએ કરવાનું નથી. સદરહુ મિલક્તમાં કોઈપણ સભાસદોએ જ્વલનશીલ પદાર્થ, જોખમી વસ્તુ રાખવાની નથી તથા વજનદાર સામાન કે જે સદરહુ મિલક્ત કે સદરહુ મિલક્તના બિલ્ડીંગના સ્ટ્રક્ચરને નુક્શાન પહોંચાડે તેવુ કૃત્ય કરવાનું નથી. જો આમ કરવાથી સદરહુ મિલક્ત કે સદરહુ મિલક્તના બિલ્ડીંગના સ્ટ્રક્ચરને નુક્શાન થશે તો તેની તમામ જવાબદારી તમો બીજીતરફવાળા। તેમજ અન્ય તમામ સભાસદોની રહેશે. તેમજ સદરહુ યોજનામાં કોઈપણ સભાસદોએ કાયદા વિરૂધ્ધ કે કાયદા પ્રતિબંધિત પ્રવૃતિ કરવાની નથી.

(૨૭) સદરહુ યોજનાના કોમન એરીયા અથવા તેના કોઈપણ ભાગ ઉપર, અન્ય સભાસદોને અડચણ પેદા થાય, શાંતિમાં દખલ થાય, નુક્શાન, સંકટ, ભયનું વાતાવરણ અથવા ચીડ પેદા થાય એવું કોઈપણ કાર્ય સદરહુ યોજનાના સભાસદોએ કરવાનું નથી. તથા સદરહુ યોજનાના તમામ સભ્યોએ સદરહુ યોજનાના કોમન એરીયા અથવા તેના કોઈપણ ભાગમાં સામાજીક રીતે અનિચ્છનીય કાર્ય, કાયદાકીય પ્રતિબંધિત પ્રવૃતિ, અરૂચિકર કે નિષેધાત્મક પ્રવૃતિઓ કરવાની નથી.

(૨૮) સદરહુ યોજનાની કોમન એમેનીટીઝ તથા ફેસીલીટીઝની જાળવણી માટે સર્વિસ સોસાયટીની રચના કરવામાં આવે તો તેવી સર્વિસ સોસાયટીમાં તમો બીજીતરફવાળાએ સભાસદ થવાનું ફરજીયાત રહેશે. તેમજ સદરહુ સર્વિસ સોસાયટી દ્વારા જે કાંઈ ધારા-ધોરણો નક્કી કરવામાં આવે તે મુજબ વર્તન અને પાલન કરવા તમો બીજીતરફવાળા બંધાયેલા છો. અને સદરહુ સર્વિસ સોસાયટી દ્વારા જે કાંઈપણ માસિક, ત્રિમાસિક, વાર્ષિક કે અન્ય મેઈન્ટેનન્સ તથા મેઈન્ટેનન્સ ડીપોઝીટ નક્કી કરવામાં આવે તે તમામ રકમ તમો બીજીતરફવાળાએ અલગથી ચુક્વી આપવાની રહેશે. તેમજ મેઈન્ટેનન્સ ડીપોઝીટના વ્યાજમાંથી વહીવટી ખર્ચ પુરો ન થાય તેવા સંજોગોમાં સદરહુ સર્વિસ

સોસાયટી દ્વારા વખતો વખત જે કાંઈપણ મેઈન્ટેનન્સની રકમ નક્કી કરવામાં આવે તે પણ તમો બીજીતરફવાળાએ માસિક/ત્રિમાસિક/વાર્ષિક ધોરણે ચુકવી આપવાની રહેશે. અને તેમ કરવામાં તમો બીજીતરફવાળા કસુર કરો તો તે અંગે સર્વિસ સોસાયટી તેના ધારા-ધોરણો મુજબ તમો બીજીતરફવાળા ઉપર પગલા લઈ શકશે. જે અંગે તમો બીજીતરફવાળાની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જ્યાં સુધી સદરહુ સર્વિસ સોસાયટીની રચના ન થાય ત્યાં સુધી સદરહુ યોજનાનો કામચલાઉ વહીવટી ખર્ચ તમામ સભાસદોએ વરાડે પડતો ચુકવવાનો રહેશે. જે ચુકવેલ રકમમાંથી રકમ જ્યાં સુધી સર્વિસ સોસાયટીને ટ્રાન્સફર કરવામાં ન આવે ત્યાં સુધી અમો એકતરફવાળા પાસે રહેશે. જે રકમ ઉપર અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળા અથવા સર્વિસ સોસાયટીને કોઈપણ જાતનું વ્યાજ ચુકવવાનું રહેશે નહી.

(૨૯) સદરહુ મિલકત ખરીદવા માટે જો તમો બીજીતરફવાળા દેશ બહારના નાગરીક હોય તો ફોરેન એક્ષચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯ તથા રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તથા અન્ય નિયમોનું પાલન કરવાની સંપુર્ણ જવાબદારી તમો બીજીતરફવાળાની રહેશે તેથી સદરહુ મિલકતની ખરીદી અંગે જે કોઈ મંજુરીઓ મેળવવાની થાય તે તમો બીજીતરફવાળાએ મેળવી લેવાની છે તેમજ સરકારી કાયદા મુજબ તમામ નિતી-નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ ફોરેન એક્ષચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯ અથવા વૈધાનીક કાયદાઓ અથવા સુધારા અથવા ભારતીય રીઝર્વ બેંક ના નિયમોના વખતો વખતના જોગવાઈનું પાલન કરવાનું રહેશે તેમજ તેઓએ મિલકત વેચાણ રાખવા માટે જે કોઈ માર્ગદર્શિકા જાહેર કરેલ હોય તેનું પાલન કરવાનું રહેશે તે અંગે અમો એકતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહી તેમજ ભવિષ્યમાં તે અંતર્ગત કોઈ નોટીસ મળે કે ઈન્કવાયરી થાય તે અંગે તમો બીજીતરફવાળાએ જે કોઈ કાર્યવાહીઓ કરવાની થતી હોઈ તે તમો બીજીતરફવાળાએ કરવાની રહેશે તેમજ તેના પરિણામ અંગેની પણ સંપુર્ણ જવાબદારી તમો બીજીતરફવાળાની રહેશે.

(૩૦) આ વેચાણ દસ્તાવેજને રેરા અધિનિયમ અને તેના હેઠળ રચાયેલા નિયમો અને નિયમનો અને સક્ષમ સતા દ્વારા સમયાંતરે બનાવવામાં આવેલ અન્ય સંબધિત કાયદા, નિયમો અને કાનુનને આધારે સંચાલિત કરવામાં આવશે. જો આ વેચાણ દસ્તાવેજની કોઈપણ શરત, રેરા અધિનિયમ અને તેના હેઠળ અથવા અન્ય સંબધિત કાયદા, નિયમો અને

કાનુન હેઠળ રચાયેલ નિયમો અને નિયમનો હેઠળ ગેરકાયદેસર, અમાન્ય કે બિનઅસરકારક માલુમ પડે તો આવી શરત, બાકીની શરતોથી વિચ્છેદિત હોવાથી, આ શરતોમાંથી અવગણવામાં આવશે અને બાકી રહેલી શરતોની કાયદેસરતા, માન્યતા કે અમલવારીને કોઈપણ રીતે અસર કરશે નહી અને સંપુર્ણ અમલ અને અસરમાં ચાલુ રહેશે અને અમો એકતરફવાળા તથા તમો બીજીતરફવાળાને બંધનકર્તા રહેશે.

(૩૧) વખતો-વખત કાયદાના સુધારાના કારણે આ વેચાણ દસ્તાવેજમાં દર્શાવિલ શરતો પૈકી કોઈ શરત દુર થાય તો પણ આ વેચાણ દસ્તાવેજની અન્ય તમામ શરતો ચાલુ રહેશે અને આજરોજના આ વેચાણ દસ્તાવેજનો અંત આવેલ ગણાશે નહી પરંતુ, સદરહુ વેચાણ દસ્તાવેજનો અમલ ચાલુ અને અમલી રહેશે.

(૩૨) સદરહુ મિલકતના વેચાણ દસ્તાવેજની કોઈપણ શરત બાબતે કોઈપણ પ્રકારનો વિવાદ થાય અથવા કોઈપણ શરતનું અર્થઘટન કરવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી થાય અથવા તકરાર ઉપસ્થિત થાય તો નિકાલ બંને પક્ષકારોએ એકબીજા સાથે મળી પરસ્પર સમજુતીથી નિરાકરણ લાવવાનું રહેશે. પરંતુ કોઈપણ કારણસર તેનું નિરાકરણ ના આવે તો ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ અને ગુજરાત રૂલ્સ ૨૦૧૬ અને ૨૦૧૭ ના ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (જનરલ) ના કાયદા અન્વયેના અધિનિયમની જોગવાઈઓને ગુજરાત સત્તા મંડળને મોકલવાની રહેશે અને તેના દ્વાર ઉકેલ લાવવાનો રહેશે.

(૩૩) આ વેચાણ દસ્તાવેજ સાથે અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને સદરહુ મિલકતના તમામ ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ તથા સદરહુ મિલકતના ટાઈટલ અંગેના તમામ ડોક્યુમેન્ટ્સની નકલ આપેલ છે. આથી તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળા પાસેથી કોઈપણ જાતના ડોક્યુમેન્ટ્સ લેવાના બાકી રહેતા નથી.

(૩૪) સદરહુ મિલકત આ વેચાણ દસ્તાવેજની રૂઈએ સરકારી રેકર્ડમાં, અર્ધ સરકારી રેકર્ડમાં, લાગુ પડતા રેવન્યુ રેકર્ડમાં તથા જયાં-જયાં તમોને જરૂર પડે તેવા તમામ રેકર્ડમાં તમો તમારા નામે ટ્રાન્સફર કરાવી લેવા હક્કદાર રહેશો. અને તેમા અમો એકતરફવાળાની સહીઓ તથા જવાબોની જરૂર પડે તે અમો કરી આપવા બંધાયેલા છીએ.

(૩૫) સદરહુ મિલક્તનો ગુજરાત સરકારે બહાર પાડેલ અશાંત વિસ્તારના નોટીફીકેશનમાં સમાવેશ થતો ન હોઈ સદરહુ મિલક્ત વેચાણ કરવા અંગે અગર સદરહુ મિલક્તનો વેચાણ દસ્તાવેજ કરવા અંગે અશાંત વિસ્તાર તબદીલી ધારા હેઠળ સરકારશ્રીની કોઈપણ પ્રકારની પરવાનગી લેવાની જરૂરીયાત રહેતી નથી.

(૩૬) આ વેચાણ દસ્તાવેજને લગતા તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપીંગ ફી, વિગેરે તમામ ખર્ચ તમો બીજીતરફવાળાએ ભોગવવાનો છે.

પરીશીષ્ટ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ – ૯ (બોપલ), તાલુકા દશક્રોઈ, મોજે ઘુમાની સીમના બ્લોક નંબર – ૭૯૮/અ ની ૫૯૧૮ ચો.મી. જમીન જેનો ટી.પી. સ્કીમ નંબર - ૩ (ઘુમા) માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર - ૨૨૬/૧ ની ૩૪૮૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક (મલ્ટીપર્પઝ) ના હેતુવાળી બીનખેતીની જમીન ઉપર આવેલ **"b/ethos"** નામની યોજનાના **.............. ફ્લોર** ઉપર આવેલ **ફ્લેટ/દુકાન નંબર- ....** વાળી **............... સમ ચો.મી.** રેરા કાર્પેટ એરીયા (ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ના નિયમો અનુસાર) ના બાંધકામવાળી મિલક્ત કે જેમાં મિલક્તનો ઇનસાઇડ કાર્પેટ એરીયા .... ચો.મી., બાલ્કની એરીયા .... ચો.મી. તથા વોશ એરીયા .... ચો.મી. એમ કુલ મળીને .... ચો.મી. કાર્પેટ એરીયાવાળી મિલક્ત તથા સદર ફાઈનલ પ્લોટની જમીન પૈકીની વણવહેંચાયેલી વરાડે પડ્તા હિસ્સાની આશરે **............. ચો.મી.** જમીન સહિતની મિલક્ત, જેના ખુંટચારની વિગત નીચે મુજબ છે.

પુર્વે :

પશ્ચિમે :

ઉત્તારે :

દક્ષિણે :

એ રીતેના ખુંટચાર વચ્ચે આવેલી મિલક્ત તેના અસલ હદ-હક્કો મુજબની સદરહુ યોજનામાં પોષાતા તમામ આનુસંગીક હક્કો સહીતની.

ઉપર મુજબ વિગતે આ વેચાણ દસ્તાવેજ અમો એક્તરફવાળાએ અમારી રાજીખુશીથી, અક્કલ હોંશિયારીથી, સમજી વિચારી, કોઇના કોઇપણ જાતના દાબ દબાણમાં આવ્યા સિવાય, બિનકેફે હાલતમાં મુક્ત સંમતિથી સાક્ષી રૂબરૂ સહી કરી લખી આપેલ છે. જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો ઇત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ **તારીખ:** **માહે:** **સને: ૨૦૨૨** ના દીને અમદાવાદ મધ્યે

અત્રે .... મતુ, અત્રે .... શાખ

એક્તરફવાળા :

---------------------------- ---------------------------

(BROTHERS CREATION INFRA LLP
એ નામની લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મના
વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર
..)

ભારતીય રજીસ્ટ્રેશન અધિનિયમનની ક્લમ ૨૧ મુજબનું પરીશીષ્ટ :

મિલક્તનું સરનામું : ફ્લેટ/દુકાન નં–…………, b/ethos, ઘુમા, અમદાવાદ.

--------------------------- ---------------------------

મિલ્કતનું સરનામું : ફ્લેટ/દુકાન નં–…………, b/ethos, ઘુમા, અમદાવાદ.

---------------------------   ---------------------------

રજીસ્ટ્રેશન અધિનિયમનની ક્લમ - ૩૨ (અ) મુજબનું પરીશીષ્ટ

એક્તરફવાળા :

(BROTHERS CREATION INFRA LLP
એ નામની લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફ્ર્મના
વતી અને તરફથી તેના વહીવટ્કર્તા ભાગીદાર
..)

બીજીતરફવાળા :

(......................................)